SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-3, April-May-June : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com/

# હરીન્દ્ર દવેનો કાવ્ય વિશેષ

ડૉ.અશ્વિનકુમાર વી. બારડ

**સારાંશ**

ગુજરાતી સાહિત્યની નવીન કવિતાધારાના અગ્રણી કવિ તરીકે જાણીતા હરીન્દ્ર દવેની કલમે ગદ્ય અને પદ્ય ઉભય ક્ષેત્રે માતબર પ્રદાન કર્યું છે. તેમ છતાં પણ તેમની સર્જક પ્રતિભાનો સર્વોત્તમ આવિષ્કાર કાવ્યના સ્વરૂપમાં થયો છે. કાવ્યના અનેક પ્રકારો અને વિષયો તેમણે ખેડ્યાં છે. તેમની પાસેથી 'આસવ','મૌન','અર્પણ','સમય','સૂર્યોપનિષદ','મનન' અને 'તમે યાદ આવ્યા' જેવાં કાવ્યસંગ્રહો પ્રાપ્ત થયા છે. ઊર્મિકવિ કવિ તરીકે જાણીતા હરીન્દ્ર દવેની કવિતામાં ખાસ્સું વિષય વૈવિધ્ય જોવા મળે છે. હરીન્દ્ર દવેએ મુખ્યત્વે પ્રેમ, કૃષ્ણ, મૃત્યુ અને અધ્યાત્મ એ ચાર વિષયોને પોતાની કવિતાના કેન્દ્ર બિંદુઓ બનાવ્યા છે.

**હરીન્દ્ર દવેનો કાવ્ય વિશેષ**

પ્રહલાદ પારેખ, રાજેન્દ્ર શાહ, આદિ પ્રમુખ કવિઓથી આરંભાયેલી નવીન કવિતાની સૌંદર્યાભિમુખ ધારાના અન્ય કવિઓમાં હરીન્દ્ર દવેનું નામ મુખ્ય છે. હરીન્દ્ર દવેની કલમે સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં ખેડાણ કર્યું છે, પરંતુ કવિતાનું સ્વરૂપ એમને વધુ માફક આવ્યું છે. કવિતાના ક્ષેત્રમાં તેઓએ માતબર પ્રદાન કર્યું છે. તેમની મુખ્ય ઓળખ ઊર્મિકવિ તરીકેની છે. તેમની પાસેથી 'આસવ','મૌન','અર્પણ','સમય','સૂર્યોપનિષદ','મનન' અને 'તમે યાદ આવ્યા' જેવાં કાવ્યસંગ્રહો પ્રાપ્ત થયા છે. આ સંગ્રહમાંની કેટલીક ઉત્તમ કાવ્ય રચનાઓને સુરેશ દલાલે સંપાદિત કરી, 'કેટલાક કાવ્યો' નામનો સંપાદિત કાવ્યસંગ્રહ આપ્યો છે. આ સંગ્રહની ગ્રંથસ્થ કાવ્ય રચનાઓને આધારે કવિ હરીન્દ્ર દવેની કવિ પ્રતિભાને મૂલવવાનો પ્રયાસ કર્યો છે.

હરીન્દ્ર દવેની કવિતામાં ખાસ્સું વિષય વૈવિધ્ય જોવા મળે છે. હરીન્દ્ર દવેએ મુખ્યત્વે પ્રેમ, કૃષ્ણ, મૃત્યુ અને અધ્યાત્મ એ ચાર વિષયોને પોતાની કવિતાના કેન્દ્ર બિંદુઓ બનાવ્યા છે. એમનું કાવ્યવિશ્વ તપાસતા આ ચાર વિષયોનું પ્રભુત્વ નજરે પડશે.

હરીન્દ્ર દવે નખશિખ પ્રેમના કવિ છે. હરીન્દ્ર દવેએ પ્રેમને મનભર રીતે ગાયો છે. તેઓ પણ સ્વીકારે છે કે, પ્રેમ એ મારી પ્રથમ અને પરમ નિસબત છે. પ્રેમની અલગ અલગ ભાવ સ્થિતિ- અવસ્થાને તેમણે અલગ અલગ કાવ્યોમાં જુદી જુદી રીતે પ્રગટાવી છે. તેમણે માનવ મનના વિવિધ ભાવોને વાચા આપી છે. ક્યાંક પ્રેમનું વિસ્મય છે, ક્યાંક પ્રેમનો વિરહ અને તજજન્ય વિષાદ છે. આવા વૈવિધ્યસભર પ્રેમને મન મૂકીને ગાયો છે. પ્રેમના વિવિધ રંગોનું કલાત્મક આલેખન તેમના કાવ્યોમાં થયેલું છે. 'હોઠ હસે તો', 'મઝધારે મુલાકાત', 'નજરું લાગી', 'કાનુડાને બાંધ્યો છે હીરના દોરે', 'માધવ ક્યાંય નથી મધુવનમાં', 'ના મળ્યા', 'જાણી બુઝીને', 'પાન લીલું જોયુંને' જેવી કાવ્ય રચનાઓમાં પ્રણય ભાવ સુંદર રીતે આલેખન પામેલો જોઈ શકાય છે. 'હોઠ હસે તો' કાવ્યમાં નાયક પ્રિયાને કહે છે,-

"હોઠ હસે તો ફાગુન
ગોરી! આંખ ઝરે તો સાવન,
મોસમ મારી તું જ
કાળની મિથ્યા આવન જાવન.

આ રીતે પ્રિય પાત્રને ઉદબોધન કરતા કવિ કહે છે, તારા હાસ્યમાં ફાગણ છે, તારા રુદનમાં સાવન છે. સઘળી નિસર્ગ ઋતુઓ તારામાં જ સમાયેલી છે. 'ફાગણ' દ્વારા કવિને પ્રેમના પરિણામરૂપ અનુભવાતો ઉલ્લાસ અભિપ્રેત છે. પ્રિય પાત્રના હાસ્યથી પ્રિયજન અનેરો આહલાદ અનુભવે છે. જ્યારે એનું રુદન શ્રાવણની અનરાધાર વર્ષા જેવું લાગે છે. આ રીતે કવિએ 'ફાગણ' અને 'સાવન' એ બે શબ્દો દ્વારા પ્રેમાનુબંધની વિશિષ્ટતા આલેખી છે. વળી, પ્રેમીજનોની દુનિયા જ અલગ હોય છે. એની પ્રતીતિ પણ અહીં થાય છે. કાવ્યનાયક પ્રિયતમાના

હાસ્યમાં ફાગણ અર્થાત વસંત અને એના રુદનમાં વર્ષાની ઝીણી ફરફરનો શ્રાવણનો અનુભવ કરે છે. પ્રિયતમને મન કાળની આવન જાવન મિથ્યા છે.

'મઝધારે મુલાકાત' ગીતમાં નવોઢા પ્રેયસીના પિયુ સાથેના પ્રથમ સંયોગની ક્ષણોને કવિએ પ્રત્યક્ષ કરી છે. રાત હંમેશા કાળી જ હોય, પણ પ્રિય વ્યક્તિનું સાંનિધ્ય કાળી રાતને રૂપેરી બનાવે છે. વળી, આ મનગમતી પ્રસન્ન ક્ષણોનું આયુષ્ય લંબાય એ ઝંખના પ્રત્યેક વ્યક્તિની હોય છે. આ ક્ષણનો ક્યાંય અંત જ ના હોય. આ ક્ષણનું શાશ્વતમાં રૂપાંતર થાય એ પ્રબળ ઝંખનાને ગીતના આરંભમાં વાચા આપી છે.-

"રૂપલે મઢી છે સારી રાત રે, સજન,
એનું ઢુકડું ન હોજો પ્રભાત,
સૂરજને કોઈ ઓલી મેર રોકી રાખો
હજી આદરી અધૂરી મારી વાત."

કાવ્ય નાયિકાની એક જ ઝંખના છે સમયને રોકવાની. સમય રોકાય તો સાજન આપમેળે રોકાય જવાનો છે. આ સાજન અને સમયની વચ્ચે નાયિકાએ પોતાની ભીતર મહેચ્છા પ્રગટ કરી છે. આવી વેળા ફરી ફરીને આવતી નથી એટલે આ મિલનની પળે મોંઘેરા કહેણ કહેવા માંગે છે. ફેણ ચડાવીને ફણીધર જેવા વિરહને મિલનની મોરલીથી મહાત કરવા એ પોતાના સજનને વિનવે છે.

કવિ હરીન્દ્ર દવે પ્રણયની ગાથા અનેક રૂપે, અનેક સ્વરૂપે, સાહજિકતાથી, સરળતાથી અભિવ્યક્ત કરે છે. રાધાકૃષ્ણનું પ્રતીક લઈને પણ કવિએ પ્રણયને જ ગાયો છે. રાધા અને કૃષ્ણની પ્રણય લીલાનું મનોહર આલેખન કરતા કવિના આ પ્રકારના ગીતોમાં કૃષ્ણના ભાતીગળ જીવન પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થયો છે. કવિ હૃદયમાં રહેલી કૃષ્ણપ્રીતિ આ ગીતો દ્વારા પ્રગટી છે.

'કાનુડાને બાંધ્યો છે હીરના દોરે' ગીતમાં વાત્સલ્ય રસ છલકે છે. જશોદાએ કૃષ્ણને એક વખત દોરડાના બંધનમાં બાંધ્યા હતા એ પ્રસંગને અનુસરીને આ ગીત પ્રગટ થયું છે. એનો આરંભ જ અદભૂત છે-

"કાનુડાને બાંધ્યો છે હીરના દોરે,
બાળુડાને બાંધ્યો છે હીરના દોરે ,
કોમળ અંગ પરે કાપા પડે છે જેવા,
આંગળીથી માખણમાં આંક્યા."

આ પંક્તિઓમાં મુકાયેલા દ્રષ્ટાંત અલંકાર દ્વારા બાળકૃષ્ણની કોમળતા આલેખાઈ છે. 'રાત રૂપે મઢી' ગીતમાં ગોપીઓ અને રાધાની કૃષ્ણની વાંસળીના મીઠા સૂરોનું પાન કરવાની તીવ્ર ઉત્કંઠા રજૂ થઈ છે. રાધા કહે છે-

"રાત રૂપે મઢીને રતન ટાંક્યાં,
યમુનાના આરે તોયે વાગી ન હજી વાંસળી",
'રાત રૂપે મઢીને રતન ટાંક્યાં' પંક્તિમાં રૂપક દ્વારા ચાંદની રાતનું આલેખન થયું છે.
"પાન લીલુ જોયું ને તમે યાદ આવ્યાં,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ",
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યા".

કવિ હરીન્દ્ર દવેનું આ ગીત કવિની કાવ્ય સૃષ્ટિમાં અને સહૃદયની ભાવસૃષ્ટિમાં તાજું જ છે. હરીન્દ્ર દવેના ગીતોની નાયિકાઓ રંગીલા સ્વભાવની છે, તેમ નાયકો પણ રંગીલા જ છે .એમનામાં મસ્તીનું પ્રમાણ વધારે છે. 'જાણી બૂજીને' ગીતમાં બે પ્રેમીઓ જાણી બૂજીને અળગા ચાલ્યા, છતાંય નાયકના મનમાં એવો વહેમ ઘર કરી ગયો કે પ્રિયાનો પાલવ જરાક તો સ્પર્શી ગયો છે.-

"જાણી બૂજીને અમે અળગા ચાલ્યાં,
ને છતાં પાલવ અડક્યાનો મને વહેમ છે".

હરીન્દ્ર દવેની કવિતાનું ભાવવિશ્વ આગવું અને અનેરું છે. પ્રેમની અનેક છાયાઓ હરીન્દ્ર દવેની કવિતાનું માણવાલાયક સ્થિત્યંતર છે. પ્રણયભાવની જેમ કવિએ મૃત્યુના સંવેદનને પણ ઉત્કટતાથી કવિ આલેખે છે.'નિંદ્રા'નામના કાવ્યમાં મૃત્યુ અંગેનું કવિનું આગવું ચિંતન વ્યક્ત થયું છે.-

"હું અત્યારે શા માટે જાગું છું?
મને લાગે છે કે મારે સૂઈ જવું જોઈએ!"

એવું કહે છે ત્યારે તો કવિ મૃત્યુ તરફ ગતિ કરતા જ દેખાય છે, એ ક્ષણે કવિ-

"આ ટ્યુબલાઈટમાં પુરાયેલો પ્રકાશ,
તમરાંની માફક ગુંજી રહ્યો છેઃ
એ જંપી જાય તો કદાચ સૂઈ શકું".

કવિના મતે ટ્યૂબલાઈટનો પ્રકાશ એમાં રહેલા તમરાની માફક ગુંજી રહેલો અવાજ  જંપી જાય તો નિંદ્રા માણી શકે. આ ટ્યુબલાઈટનો અવાજ નિંદ્રા ન આવવાનું કારણ છે. વળી, એમાં તરફડિયા મારતું તેજ તે દેહમાં રહેલા આત્મા-જીવનું પ્રતીક પણ હોઈ શકે.

મૃત્યુ સાથે કવિને ગાઢ દોસ્તી છે. એમના મતે મૃત્યુને ઉવેખી શકાય એમ નથી તો તેનાથી ડરવાનું પણ નહીં. એનો સ્વીકાર જ કરવો જોઈએ એટલે જ કવિ કહે છે.

"આગળ ને પાછળ આંખો રાખી,
મારા ઉંબર પર બેઠેલા ,
મૃત્યુને જોઈ હવે હું છળી મરતો નથી ,
એના ક્ષેમકુશળ પૂછું છું.
અને એ થાકી ગયું હોય તો અંદર આવી
આરામ કરવા કહું છું".

કવિને અહીં એવું લાગે છે કે મૃત્યુને આગળને પાછળ બે બાજુ જાણે આંખો હોય છે. આ મૃત્યુ પણ જાણે પોતાના ઉંબર પર બેસી રહે છે. એને જોઈને કવિને આશ્ચર્ય કે દુઃખ થતું નથી

હરીન્દ્ર દવેને પ્રેમ, મૃત્યુ અને કૃષ્ણ પ્રેમના વિષયો વધુ માફક આવ્યા છે. રાધાકૃષ્ણનું  પ્રતીક લઈને પણ કવિએ પ્રણયને જ ગાયો છે. રાધા અને કૃષ્ણની પ્રણય લીલાનું મનોહર આલેખન કરતા કવિના આ પ્રકારના ગીતોમાં કૃષ્ણના ભાતીગળ જીવન પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થયો છે. કવિ હૃદયમાં રહેલી કૃષ્ણ પ્રીતિ આ ગીતો દ્વારા પ્રગટી છે. 'કાનુડાને બાંધ્યો છે હીરના દોરે'ગીતમાં વાત્સલ્ય રસ છલકે છે. જશોદાએ કૃષ્ણને એક વખત દોરડાના બંધનમાં બાંધ્યા હતા એ પ્રસંગને અનુસરીને આ ગીત પ્રગટ કર્યું છે. એનો આરંભ જ અદભુત છે.-

"કાનુડાને બાંધ્યો છે હીરના દોરે
બાળુડાને બાંધ્યો છે હીરના દોરે
કોમળ અંગ પરે કાપા પડે છે જેવા
આંગળીથી માખણમાં આંક્યા".

આ પંક્તિઓમાં મુકાયેલા દ્રષ્ટાંત અલંકાર દ્વારા બાળ કૃષ્ણની કોમળતા આલેખાઈ  છે. 'રાત રૂપે મઢી' ગીતમાં ગોપીઓ અને રાધાની કૃષ્ણની વાંસળી મીઠા સૂરોનું પાન કરવાની તીવ્ર ઉત્કંઠા રજૂ થઈ છે. રાધા કહે છે. -

"રાત રૂપે મઢીને રતન ટાંક્યા
યમુનાના આરે તોય વાગે ન હજી વાંસળી".

'રાત રૂપે મઢીને રતન ટાંક્યા' પંક્તિમાં રૂપક અલંકાર દ્વારા ચાંદની રાતનું આલેખન થયું છે. 'માધવ  ક્યાંય  નથી  મધુવનમાં'  એ હરીન્દ્ર દવેની જ નહીં, પણ ગુજરાતી સાહિત્યની સુપ્રસિદ્ધ રચના છે. આખીય રચનામાં કૃષ્ણ વગર નિરાશ બની ગયેલી ગોપીની મનોવ્યથા રજૂ થઈ છે. ગોકુળ છોડી મથુરાવાસી અને પછી દ્વારિકાવાસી બનેલા કૃષ્ણને ક્ષણે ક્ષણે ઝંખતી ગોપીઓને વૃંદાવનમાં સ્થળે- સ્થળે, વનમાં-ઉપવનમાં કૃષ્ણ સાથે માણેલી ક્રીડાના સ્મરણો સતાવે છે. માધવની શોધમાં ગોપીનું અંતર વિરહની જે પ્રબળ વ્યથા અનુભવે છે તેનું વેધક નિરૂપણ છે. ગોપીને લાગે છે કે જમુનાની લહર-વમળ, એના સ્પંદનો એ સૌ પણ કૃષ્ણના મધુર સ્મરણોમાં જ લીન છે. માત્ર ગોપી જ નહીં; કાલિન્દીના એક એક તરંગને, લહરને કદમની ડાળીને પણ માધવ ક્યાંય નથી મધુવનમાં નો અહેસાસ થઈ ચૂક્યો છે. વ્યક્તિની અનુભૂતિ સર્વેની અનુભૂતિ બનીને આખાય કાવ્યમાં પ્રગટે છે.

હરીન્દ્ર દવેની કલમે કાવ્યના વિવિધ પ્રકારો જેવા કે ગીત,ગઝલ, અછાંદસ, સોનેટ, મુક્તકમાં   વિહાર કર્યો છે. આ સૌમાં કવિના કાવ્ય ઉન્મેષો ગીતોમાં વિશેષ રીતે ખીલ્યાં છે. ગીતસ્વરૂપમાં કવિએ પોતાના સંવેદન વિશ્વને જે રીતે પ્રગટ કરવાની મથામણ કરી છે તેમાં એમની કવિપ્રતિભાની ઝાંખી થાય છે. આ ગીતોમાં રાધાકૃષ્ણના વિવિધ ભાવો,  મસ્તપ્રેમના સંવેદનો તેમજ વિરહ અને હતાશા વગેરે જેવા ભાવો વ્યક્ત થયા છે.

'હોઠ હસે તો' કાવ્યમાં નાયક કહે છે -

"હોઠ હસે તો ફાગુન
ગોરી! આંખ ઝરે તો સાવન,
મોસમ મારી તું જ
કાળની મિથ્યા આવન જાવન'

'મઝધારે મુલાકાત' ગીતમાં નવોઢા પ્રેયસીના પિયુ સાથેના પ્રથમ સંયોગની ક્ષણોને કવિએ પ્રત્યક્ષ કરી છે.

'રૂપલે મઢી છે સારી રાત રે, સજન,
એનું ઢુકડું ન હોજો પ્રભાત
સૂરજને કોઈ ઓલી મેર રોકી રાખો, હજી આદરી અધૂરી મારી વાત.'

રાધા-કૃષ્ણનું પ્રતીક લઈને પણ કવિએ પ્રણયને જ ગાયો છે. રાધા અને કૃષ્ણની પ્રણયલીલાનું મનોહર આલેખન કરતાં કવિના આ પ્રકારના ગીતોમાં કૃષ્ણના ભાતીગળ જીવન પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થયો છે. કવિ હૃદયમાં રહેલી કૃષ્ણપ્રીતિ આ ગીતો દ્વારા પ્રગટી છે. 'કાનુડાને બાંધ્યો છે હીરના દોરે' ગીતમાં વાત્સલ્ય છલકે છે.-

"કાનુડાને બાંધ્યો છે હીરના દોરે,
બાળુડાને બાંધ્યો છે હીરના દોરે ,
કોમળ અંગ પરે કાપા પડે છે જેવા,
આંગળીથી માખણમાં આંક્યા."

'રાત રૂપે મઢી' ગીતમાં ગોપીઓ અને રાધાની કૃષ્ણની વાંસળી મીઠા સૂરોનું પાન કરવાની તીવ્ર ઉત્કંઠા રજૂ થઈ છે. રાધા કહે છે. -

'રાત રૂપે મઢીને રતન ટાંક્યા
યમુનાના આરે તોયે  વાગી ન હજી વાંસળી'.

અહીં ચાંદની રાતનું આલેખન થયું છે. 'માધવ ક્યાંય નથી મધુવનમાં' એ હરીન્દ્ર દવેની જ નહીં પણ ગુજરાતી સાહિત્યની સુપ્રસિદ્ધ રચના છે. આખીય રચનામાં કૃષ્ણ વગર નિરાશ બની ગયેલી ગોપીની મનોવ્યથા રજૂ થઈ છે. 'ના મળ્યા ગીત'માં પ્રણય  સંવેદના વ્યક્ત થઈ છે.

"એક રે ડાળીના બેઉ પાંદડાં ,
એક છોડવાનાં  બેઉ ફૂલ
રે અમે ને તમે ના મળ્યાં'.

નાયિકાના પ્રેમનો માળો વેરીએ વીંખી નાખ્યો છે. જુદાઈના શાપ બંનેને ભોગવવાનો આવ્યો છે. જ્યાં પ્રસન્ન દાંપત્યના કોડ હતા, ત્યાં બંનેનો માર્ગ કંટકોથી છવાઈ ગયો છે. પરિણામે તે બંને એકબીજાને મળી શકે એમ નથી.

હરીન્દ્ર દવેને  ગીત સ્વરૂપ બાદ કરતા ગઝલનું સ્વરૂપ વધુ માફક આવ્યું  છે. ગીતોની જેમ ગઝલનો મુખ્ય વિષય 'પ્રેમ' જ રહ્યો છે. એમની ગઝલોમાં પરંપરા અને આધુનિકતાનું મિશ્રણ થયેલું જોવા મળે છે. એમની ગઝલો વિશેષ પણે ભાવપ્રધાન છે. પરંપરાના પ્રભાવ હેઠળ લખાયેલી કવિની ગઝલોમાં આધુનિકતાની મુદ્રા પ્રગટે છે. કવિની ગઝલોમાં સંવેદનની પારદર્શિતા અને ભાવમયતા તેના આકારલક્ષી સૌંદર્ય સાથે પ્રગટતી  જોવા મળે છે. લાગણીનું ઊંડાણ, ભાવની સચ્ચાઈ, રંગદર્શી  વાસ્તવિકતા, ભાવની કુમાશ, બાનીની માવજત કવિની  ગઝલોની આગવી સિદ્ધિ છે. એમની નિયત ગઝલોમાં 'ખ્યાલ પણ નથી' જેવી ગઝલમાં પણ કવિએ આ પ્રેમને પોતાની રીતે રજૂ કર્યો છે. પ્રિયજનની અનુપસ્થિતિમાં તેની યાદ અને તેની વેદના અસહ્ય લાગે છે. તેના ઉપાય તરીકે તેને ભૂલી જવાના પ્રયત્ન કરતાં કરતાં  ભુલાઈ  જાય છતાં તેનો ખ્યાલ પણ નથી રહેતો એ વાત કલાત્મક રીતે રજૂ થાય છે.

'તમને ભૂલી જવાના પ્રયત્નોમાં આજકાલ
તમને ભૂલી ગયો છું મને ખ્યાલ પણ નથી.'

મજાની વાત તો એ છે કે 'ભૂલી ગયો છું' એની પ્રતીતિ રહ્યા કરે છે. એટલે કે લાખ પ્રયત્નો છતાં પ્રિયજન સાથે માણેલી મધુર પળો ભુલાઈ શકે તેમ નથી. તે સત્યની ચોટ ધારદાર લાગે છે.

હરીન્દ્ર દવેને 'સમણાં',  'અંધકાર' અને 'સમય' પ્રત્યે વિશેષ લગાવ છે. આ વિષયને અનુલક્ષીને એમણે અનેક  કાવ્યપંક્તિઓ આપી છે.-

'સમણાંમાં પણ હવે ન મુલાકાત થઈ શકે

ને જાગતા મિલનનો  તો ધારો નથી રહ્યો.'

આ ઉપરાંત સંગ્રહની અન્ય રચનાઓમાં 'નથી રહ્યો', 'રસ્તા પર મળ્યા' 'થાક છે' 'વરસાદની મોસમ છે' 'એ સવારી પર' વગેરે જેવી રચનાઓ ભાવ અને સ્વરૂપ સિદ્ધિ દાખવતી  જોવા મળે છે.

હરીન્દ્ર દવે પાસેથી કેટલીક અછાંદસ કાવ્ય રચનાઓ પ્રાપ્ત થઈ છે. જેમાં વ્યક્તિ વિશેષને અનુલક્ષતી  'બાપુનો જન્મદિન' મહત્વની રચના છે. આ રચનામાં કવિનો વ્યંગ પ્રગટ થતો  જોવા મળે છે. કવિ કહે છે.-

'આજ બાપુનો જન્મદિન
જ્યારથી સરકાર પાળે છે રજા
ત્યારથી કેમેય  ભૂલાતો નથી.'
**********************
રાજઘાટ  જશું?
ચલો, સુંદર જગ્યા છે.
ટહેલશું થોડું,
અને બે ફૂલ બાપુની સમાધિ પર મૂકી
કર્તવ્યનિષ્ઠા તો બતાવીશું
ક્યાં બિચારાએ સહન થોડું કર્યું.
બે ફૂલનો તો હક અદા કરવો ઘટે'.

ગાંધીજીના જન્મદિને એમને અંજલિ આપવા માટે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનથી માંડીને નેતાઓની મોટી ફોજ રાજઘાટ થઈ પહોંચે છે. ત્યાં જઈ કેમેરાની સાક્ષીએ રાજઘાટની પરિક્રમા કરે છે. સર્વધર્મ પ્રાર્થના કરે છે અને 'વૈષ્ણવજન તો........' ની ધૂન પણ સાંભળે છે. ખોબો ભરીને ફૂલ બાપુની સમાધિ પર મૂકે છે. આ સિવાય આ દિવસનું મહત્વ છે ખરું? આમ કવિનો આક્રોશ અહીં કટાક્ષરૂપે પ્રગટ થયો છે. ગાંધીજીને ભૂલી ગયેલી પ્રજાને કવિએ આવા વ્યંગબાણો કહીને ઢંઢોળી છે? 'શું રાષ્ટ્રપિતાનો જન્મદિવસ એટલે એક રજાનો દિવસ માત્ર ? એમ કહીને કવિએ ગાંધીજીના જીવન સંદેશનું આપણે અવમૂલ્ય કરી રહ્યા છીએ એની ટીકા કરી છે.

'નિંદ્રા' અછાંદસ રચનામાં કવિએ મૃત્યુનું સંવેદન શબ્દસ્થ કર્યું છે.

'હું અત્યારે શા માટે જાગું છું?
મને લાગે છે કે મારે સૂઈ જવું જોઈએ'?

એવું કહે છે ત્યારે તો કવિ મૃત્યુ તરફ ગતિ કરતા જ દેખાય છે. એક ક્ષણે કવિ -

'આ ટ્યુબલાઈટમાં પુરાયેલો પ્રકાશ
તમરાંની માફક ગુંજી રહ્યો છે,
એ જંપી જાય તો કદાચ સૂઈ શકું'.

એમ કહે છે. કવિના મતે ટ્યુબલાઈટનો પ્રકાશ એમાં રહેલો તમરાંની માફક ગુંજી રહેલો અવાજ જંપી  જાય તો તે નિંદ્રા માણી શકે. આ ટ્યુબલાઈટનો અવાજ નિંદ્રા ન આવવાનું કારણ છે. વળી એમાં તરફડિયાં મારતું તેજ તેમને અસહ્ય લાગ્યા કરે છે. કદાચ આ ટ્યુબલાઈટ અને તેનું તરફડિયાં મારતું   તેજ દેહમાં રહેલા આત્મા-જીવનું પ્રતીક પણ હોઈ શકે! આ જ કાવ્યમાં કવિએ કલ્પના કરી છે કે ટ્યુબમાં પુરાઈ તરફડિયા મારતું અસહ્ય તેજ બટન દબાવતા જ તાંબાના તારમાં સમાઈ જાય છે. તેમજ

'રહી રહીને સણકો ઉપડે છે
આખાયે  અસ્તિત્વની દીવાલને ધ્રુજાવી દે
મારા એકાંતની શતરંજમાં હું એક ચાલ ચાલું  છું. એવો
કલ્પિત સાથીદાર વતી'.

આ પંક્તિમાં રહેલી કલ્પિત સાથીદારના સહારે ચાલવાની ક્રિયા મૃત્યુનો જ નિર્દેશ કરે છે. કાવ્યના અંતે

'મૃત્યુ એ નિંદ્રા છે.......'

એમ કહી જીવનમાં મૃત્યુનો સહજ સ્વીકાર કર્યો છે.

'કેટલાંક કાવ્યો'માંથી પસાર થતાં આપણને હરીન્દ્ર દવેની સિદ્ધહસ્ત કલમનો પરિચય થાય છે. કવિએ અહીં ભાષા વિશેષોને પૂરતા ખપમાં લીધાનું જણાય છે. કાવ્યના ભાવને અનુરૂપ ભાષા, શબ્દ-લયની પસંદગી અલંકાર-છંદનો વિનિયોગ, કલ્પન પસંદગી કરી પોતાની અભિવ્યક્તિને વધુ ધારદાર બનાવી છે. આવા અનેક ઉદાહરણ આપણને આ કાવ્યોમાંથી પ્રાપ્ત થાય છે. જેમકે-

'કોમળ આ અંગ પરે કાપા પડે છે જેવા
આંગળીથી માખણમાં આંક્યા'.

બાળકૃષ્ણની કોમળતાને નિરૂપવા માટે કવિએ અહીં પ્રયોજેલ સાદશ્ય એકદમ સચોટ છે. કાનુડાના અંગ પર દોરી બાંધવાને કારણે જે કાપા પડી ગયા છે તે કાપા આંગળીથી માખણમાં જેવા કાપા પડે તેવા છે. આવી દોરીની નિશાનીથી કાનુડાના અંગ પર થતી અસરને કવિએ સાદશ્ય દ્વારા રજુ કરી છે.

'ફુલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં,
માધવ ક્યાંય નથી મધુવનમાં.'

ફૂલ, ભમરો, ગુંજન એકબીજા સાથે સંકળાયેલા છે અને તે બધા જ પર કૃષ્ણ ન હોવાની કેવી ઘેરી અસર પડી છે તેનું નિરૂપણ કવિએ અભિધામાં કર્યું છે. કહે, વહે વગેરે જેવા શબ્દો લયાત્મકતાનો અનુભવ કરાવે છે. અને ગુંજનમાં, મધુવનમાં જેવા શબ્દો દ્વારા કવિએ પ્રાસાનુપ્રાસ રચ્યા છે.

'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ.'

ઇન્દ્રિયગ્રાહ્ય અનુભૂતિનું અનવદ્ય શબ્દચિત્ર આ ગીતમાં કલ્પનનિયોજન દ્વારા રમણીય રીતે આલેખી શક્યા છે. કાવ્યમાં આંખ,કાન, નાક વગેરે અનુભૂતિગત કલ્પન તેમની કાવ્ય સર્જનની શક્તિનો પરિચય આપનાર બન્યા છે.

હરીન્દ્ર દવેએ ગીત કાવ્યસ્વરૂપ વધુ ખેડયું છે. કાવ્યપંક્તિમાં અનુભવાતો લય કવિના સર્જન કર્મનો પરિચય કરાવે છે. તેમના ગીતોમાં લયઘટકોની ગોઠવણી અને તેનું નિયમિત આવર્તન આસ્વાદ્ય બન્યા છે. હરીન્દ્ર દવેએ દ્વિરુક્ત શબ્દપ્રયોગ, રવાનુકારી શબ્દપ્રયોગો વગેરે દ્વારા ભાવને અનુરૂપ લય નિષ્પન્ન કરાવવાનો પ્રયાસ કર્યો છે.

હરીન્દ્ર દવેની કવિતામાં કલ્પન, પ્રતીક જેવી પ્રયુક્તિનો વિનિયોગ તેમના કવિકર્મનો પરિચાયક બની રહે છે. તેમના કવિકર્મની એક ખૂબી અલંકાર પ્રયોજન પણ છે. હરીન્દ્ર દવેએ ગીત, ગઝલ વગેરે સ્વરૂપોમાં શબ્દસંયોજન દ્વારા મુલાયમ ભાષાકર્મ દાખવ્યું છે.

હરીન્દ્ર દવે અન્ય કવિઓની જેમ મર્યાદાઓથી પર રહી શક્યા નથી. અનેક વિવેચકોએ એમની મર્યાદાઓ બતાવી છે. જેમ કે-

-એમના ગીતોમાં લય અને વિષય વૈવિધ્ય ખૂબ ઓછું જોવા મળે છે.

-એમના મોટાભાગના ગીતોમાં લયની એકવિધતા જોવા મળે છે.

-વિષય પરત્વે 'પ્રેમ' અને 'મૃત્યુ' સિવાય બીજા વિષયોને તેઓ સ્પર્શી શક્યા નથી.

-ભાવ અને શબ્દોનું પુનરાવર્તન થયા કરે છે.

-ગઝલના સંદર્ભમાં જોઈએ તો આખીય રચના ચોટદાર બની હોય એવું ઓછું જોવા મળે છે.

આમ સમગ્રતયા જોઈએ તો હરીન્દ્ર દવે કવિતાના ક્ષેત્રને પોતાની સર્જકતાના પારસસ્પર્શે ઉજાળી શક્યા છે. તેમની કવિતામાં વિષય વૈવિધ્ય અને સ્વરૂપ વૈવિધ્ય જોવા મળે છે. એકંદરે કહી શકાય કે તેઓએ પોતાની કવિતા દ્વારા ગુજરાતી સાહિત્યમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે.

**સંદર્ભ સૂચિ-**

**૧) કવિ અને કવિતા શ્રેણી 'કેટલાંક કાવ્યો'- હરીન્દ્ર દવે, સં. સુરેશ દલાલ, બીજી આવૃત્તિ જાન્યુઆરી ૧૯૯૭, પ્રકાશક- હસુ યાજ્ઞિક મહામાત્ર , ગુજરાત સાહિત્ય અકાદમી.**

**૨) સર્જક-પ્રતિભા શ્રેણી હરીન્દ્ર દવે જીવન અને સાહિત્ય -એ.એ.શેખ , પ્રથમ આવૃત્તિ ૨૦૧૦ આદર્શ પ્રકાશન.**